અપીલ અરજી નં.૧૨૯/૦૮–૦૯ તા. ૨૦–૮–૦૮

અરજદારઃ ડો.બાબુલાલ એમ. શાહ
સામાવાળાઃ (૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન
(૨) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.બાબુલાલ એમ. શાહ ની તા.૨૪–૬–૦૮ ની અરજીથી નાના વરાછા ખાડી પર કેટલા બાંધકામો આવેલા હતાં, કેટલાંક બાંધકામ પંચાયતે પાસ કરેલા હોય તે ગેરાયદેસર છે કે કેમ? વિગેરે મુદ્દા નં.૧ થી ૧૨ બાબતે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૨૯/૨૦૦૮–૦૯

શ્રી ડો.બાબુલાલ એમ. શાહ ની તા.૨૪–૬–૦૮ ની અરજીથી નાના વરાછા ખાડી પર કેટલા બાંધકામો આવેલા હતાં, કેટલાંક બાંધકામ પંચાયતે પાસ કરેલા હોય તે ગેરાયદેસર છે કે કેમ? વિગેરે મુદ્દા નં.૧ થી ૧૨ બાબતે માહિતી આપવા બાબતના આપેલ જવાબો તદ્દન ખોટા અને અવ્યવસ્થિત આપવામાં આવેલ હોવાનું જણાવી. તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૦ તા.૨૫–૮–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને પત્રપાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૮૨ તા.૨૯–૮–૦૮ થી માહિતી મળેલ છે.

અરજદારને તેની મુળ અરજીના મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી માંગવામાં આવેલ જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૬૮૨ તા.૨૩–૭–૦૮ થી અરજદારને મુદ્દા નં.૧ અને ૨ તથા ૫થી ૧૧ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં૩,૪ અને ૧૨ અંગે માહિતી આપેલ જણાતી નથી.મુદ્દા નં.૬ અંગે પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને આરટીઆઈ સેલ/વરાછાઝોન તરફથી તબદીલ કરેલ છે. અરજદારને પૂરી પડાયેલ માહિતીમાં મુદ્દા નં.૫ અને ૮ અંગે સ્પષ્ટ નિર્દેશ લોકેશન આપવાથી રેકર્ડ મુજબની માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી જણાવે છે. મુદ્દા નં.૬ ૨૮૫૪૫/૦૭ સીવીલ એપ્લીકેશન નોંધ વિભાગની માહિતી પાના નંગ ૩૬ લીધેલ પગલાની વિગતો અરજદારને પૂરી પાડેલ છે. વધુમાં વ્યકિતગત કામદારના નામ ઠામ સાથેની વિગત માંગે તો આપવા જાહેર માહિતી અધિકારીએ તૈયારી બતાવેલ છે. મુદ્દા નં.૧૧ આપેલ જવાબ રેકર્ડ તપાસતાં માંગેલ માહિતી ઉપલબ્ધ નથી તેવા જવાબમાં અરજદારે તા.૨૭–૩–૮૬ ગ્રામપંચાયત નાના વરાછા બાંધકામ પરમીશનના પત્રની નકલ રજુ કરેલ છે. જયારે અરજદારે તે નકલની માંગણી કરેલ છે તે વિસંગતતા દર્શાવે છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૬–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ મુદ્દાઓ અંગેની તેઓના કાર્યક્ષેત્ર હેઠળની માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તેમજ ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન,ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી..... જાણ તથા અમલ માટે
(૨)શ્રી બાબુભાઈ એમ. શાહ,